**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૬૦ ટકા

# જલ્સા સ્ટ્રીટમાં યુવાનો-બાળકોના જલ્સા...!!

## ઝુમ્બા ડાન્સ, ગરબા, એરોબિક્સની ધૂમ : રોડ બન્યો ડ્રોઈંગ શીટ : મનોરંજક સ્ટ્રીટ ગેમ્સે કરી જમાવટ







ગાંધીનગર, તા.૮

ગાંધીનગરાઓ આજે સવારે ફરી એકવાર હેપ્પી હેપ્પી થયા કારણ કે ઘ-૪ સર્કલ પાસે યોજાયેલી ‘જલ્સા સ્ટ્રીટ’માં સવારના ખુશનુમા માહોલમાં ઝુમ્બા ડાન્સ, એરોબિક ડાન્સ, હેલ્મેટ એન્ડ સ્પૂન, ફેઈથ વૉક, લેમન એન્ડ સ્પૂન, બૉલ ઈન ગ્લાસ જેવી મનોરંજક તથા સ્વાસ્થ્ય વર્ધક મોર્નિંગ સ્ટ્રીટ એક્ટિવિટીઝ માણવા મળી હતી. જલ્સા સ્ટ્રીટમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપરાંત બાળકો અને મોટેરાંઓ પણ જોડાયા હતા જેમાં મહિલાઓની સંખ્યા સવિશેષ દેખાઈ આવી હતી.

સેન્ટ્રલ વિસ્તારમાં યોજાયેલી ‘જલ્સા સ્ટ્રીટ’માં ૩ હજારથી વધુ નાગરિકો ઉમટી પડયા હતા. અનેકવિધ રમતો સાથે ચોકસ્ટિક વડે રોડ પર ચિત્રો દોરવાથી માંડીને યુવાનોએ દિલધડક કરતબો કર્યા હતા અને અંતમાં ગરબાનો પણ આનંદ માણયો હતો. જલ્સા સ્ટ્રીટમાં મોટા ભાગના યુવા વર્ગે પોતાના મિત્ર વર્તુળ સાથે વિવિધ રમતો અને મસ્તીની મોજ માણી હતી. આ સાથે સમાપન કાર્યક્રમમાં ગાંધીનગર મનપાના ‘કલીન ગાંધીનગર-ગ્રીન ગાંધીનગર’ અને સ્વચ્છતાના બ્રાન્ડ એમ્બેસેડર ફિલ્મ અભિનેતા રાકેશ પુજારા અને ટીવી અભિનેતા જનક ઠક્કર, મનપાના આરોગ્ય અધિકારી કે.આઈ.ગૌસ્વામી, મ્યુ. કોર્પોરેટર જયદેવ પરમાર, જીએમસી માસ્ટર એન્કર વિનોદ ઉદેચા, અગ્રણી નગરજનો મુકેશ જાની, ભરત ઠક્કર તથા જીગ્નેશ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ‘મારું ગાંધીનગર’ ની ટીમ દ્વારા સુપેરે કરવામાં આવ્યું હતું.

## વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની બેઠકમાં પડતર પ્રશ્નોની રજૂઆત અંગે વ્યૂહરચના ઘડાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના વાવોલ ખાતે નવ વિકસિત સોસાયટી વિસ્તારના જાગૃત રહીશો દ્વારા વાવોલ વિસ્તાર વિકાસ સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. આ સમિતિની એક બેઠક શનિવારે રાત્રે વાવોલની શાંતિવન સોસાયટીના પ્રાંગણમાં



મળી હતી. જેમાં વિવિધ મુદ્દે ચર્ચાઓ હાથ ધરી આગામી સમયમાં પડતર પ્રશ્નોની રજૂઆત અંગે પગલાં લેવાની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હતી. આ બેઠકમાં અનેક સોસાયટીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાવોલના નવ વિકસિત સોસાયટી વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું શુધ્ધ પાણી, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટસ, ગટર વ્યવસ્થા, સફાઈ, આરોગ્ય વગેરે અંગે રહીશો તકલીફો ભોગવી રહ્યા છે. વળી વાવોલમાં વિશેષ સુવિધાઓ જેવી કે બાગ-બગીચા, ફુટપાથ, ટ્રાફિક સર્કલ વગેરે અંગે પણ હજુ રહીશો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં વાવોલની અનેક નવનિર્મિત સોસાયટીઓના પ્રતિનિધિઓએ સાથે મળીને વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ રચી રજૂઆતો કરતા ધીમે ધીમે તેનો હકારાત્મક પ્રતિસાદ સાંપડતો જાય છે. આમ છતાં હજુ પણ અનેક પ્રશ્નો પડતર હોવાથી આ સમિતિની બેઠકમાં તે અંગે ચર્ચા કરી આગામીસામયમાં તેની રજૂઆત કરવા બાબતોની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હતી.

## આજથી શહેરના માર્ગો ઉપર નવી સીટીબસ

### પ્રારંભના ત્રણ દિવસ ફકત રૂ.પમાં મુસાફરી કરાવશે સીટી બસ : શહેર તેમજ આજુબાજુનો વિસ્તાર સીટીબસના પગરવથી ધમધમી ઉઠશે





ગાંધીનગર, તા.૯

શહેરીજનો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે સીટી બસ આજથી નવા રૂપરંગ અને શ્રેષ્ઠ સુવિધા સાથે માર્ગો ઉપર દોડતી થઈ જશે. સીટી બસના પ્રારંભે ત્રણ દિવસ મુસાફરોને ફકત રૂ. પમાં જ મુસાફરીનો લાભ મળી રહેશે. વીસ બસના કાફલા સાથે શહેર તેમજ આજુબાજુના વિસ્તારને સીટીબસ સાંકળી લશે ત્યારે લાંબી રાહ જોવડાવ્યા પછી પરિણામ શ્રેષ્ઠ મળ્યાનો શહેરીજનોને સંતોષ રહેશે તે પ્રમાણેનું નવા આયોજકોનું આયોજન છે.

આજથી નવી ઈકો ફ્રેન્ડલી સીએનજી સીટીબસ પાટનગરના માર્ગો પરથી ફરતી જોવા મળશે. ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત સીટીબસનું સપનું શહેરીજનો માટે સાકાર થઈ રહ્યું છે. જેમાં પ્રથમથી જ વીસ સીટીબસનો કાફલો શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાં ફરતો થઈ જશે.

યોગી એજયુ. ટ્રાન્જીસ્ટ પ્રા.લી.ના સંચાલક વિરેન્દ્રસિંહ રાણાએ માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યાધુનિક સુવિધાસભર સીટીબસ તેના અગાઉ અને નવા નક્કી કરાયેલા રૂટમાં ફરતી થશે. જીપીએસ સિસ્ટમથી સજ્જ સીટીબસની પળેપળની માહિતી ઘ-૩ સર્કલના ડેપોએ તત્કાલ મળી રહેશે. ચિલોડા, ચાંદખેડા, પેથાપુર, વાસણ મહાદેવ, ઈન્દિરાબ્રિજ તથા ઉનાવા જેવા વિસ્તારોને આવરી લેતી સીટી બસનો ધમધમાટ દીપાવલી પર્વમાં રોશનીના ઝગમગાટ સાથે દીપી ઉઠશે. શહેરીજનો પણ આ બસનો મહત્તમ ઉપયોગ કરવા આતુર છે.

## સિવિલમાં આડેધડ પાર્કીંગ સમસ્યા યથાવત

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાર્કીંગની સમસ્યા દિન પ્રતિદિન ઘેરી બનતી જાય છે. મુલાકાતીઓ અનો સ્ટાફના કર્મચારીઓ દ્વારા આડેધડ કરવામાં આવતા વાહન પાર્કીંગને કારણે અનેક નાગરીકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે આડેધડ વાહનો પાર્ક કરેલા હોવાથી ચોર ઈસમોને પણ સિવિલમાં મોકળુ મેદાન મળી ગઈ ગયુ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આડેધડ વાહનો મુકતા મુલાકાતીઓ પર સિવિલ તંત્ર તવાઈ લાવવા માટે વિચારી રહ્યું છે. સિવિલ કેમ્પસમાં ગમે તેમ વાહનો પાર્ક કરેલા હશે તો વાહન માલિકો પાસેથી પોલીસ તંત્રની જેમ લોક કરીને દંડનીય કાર્યવાહી કરવાનું તંત્રની વિચારણા હેઠળ છે.

ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. જયારે મેડીકલ કોલેજને પગલે સ્ટાફના કર્મચારીઓની સંખ્યામાં પણ અધધ વધારો થયો છે. ત્યારે સિવિલ કેમ્પસમાં વાહનો કયા પાર્ક કરવા તે પ્રશ્ન ઉભો થયો છે. આડેધડ પાર્કીંગ ને પગલે અન્ય નાગરીકોને હેરાન થવું પડે છે. જયારે ગમે તેમ વાહનો પાર્ક કરીને જતા રહેતા મુલાકાતીઓના વાહનો પણ ચોરાઈ જતા હોવાના કિસ્સા સામે આવે છે. ત્યારે પાર્કીંગની સમસ્યા છેલ્લા ઘણા સમયથી તંત્રના અધિકારીઓ સામે પણ માથાના દુખાવા સમાન બની છે. સિવિલ તંત્ર દ્વારા ગમે તેમ વાહનો મુકતા વાહનમાલિકો સામે દંડનીય કાર્યવાહી કરવાનું વિચારણા હેઠળ છે. જેમાં પોલીસ તંત્રની જેમ નડતરરૂપ વાહનોને લોક કરીને તેના માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે જેથી બીજીવાર સિવિલ કેમ્પસમાં વાહન લઈને આવે મુલાકાતી તો યોગ્ય સ્થાને વાહન પાર્કીંગ કરે. પરંતુ સિવિલ તંત્ર દ્વારા આ કામગીરીનો અમલ કયારે થશે તે કહેવા કોઈ તૈયાર નથી. તો બીજીતરફ સિવિલ તંત્ર દ્વારા વિચારણા હેઠળની કામગીરી કરવા કોણ તૈયાર થશે.. તે પણ એક પ્રશ્ન છે.

## @ગાંધીનગર

● શહેરી બસ સેવાનો પ્રારંભ સવારે ૧૦ કલાકે ઘ-૩ સર્કલ પાસે સે-૬-ડી ખાતે કરવામાં આવશે.

## વાતવાતમાં

● જલ્સા સ્ટ્રીટમાં યુવાવર્ગનું આકર્ષણ વિશેષ રહે છે. યુવા વર્ગને સૌથી વધુ પ્રિય એવો ‘સેલ્ફી ઝોન’ આ વખતે ના હોવાથી ઘણાના અરમાનો મનમાં રહી ગયા હતા.

● દિવાળીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે પરંતુ હજુ સુધી બજારમાં સળવળાટ જોવા મળતો નથી. સરકારી કર્મચારીઓના બોનસ રીલીઝ થતા ઘરાકી ખુલશે તેવી વેપારીઓમાં આશા વર્તાઈ રહી છે.

● આગામી વિધાનસભાની ચુંટણીઓને અનુલક્ષીને રાજકીય ગતિવિધિઓમાં તેજી જોવા મળી રહી છે. રવિવારના દિવસે વિવિધ રાજકીય પક્ષોના કાર્યકર્તાઓ રાજકીય સમીકરણો મુજબ છુપી કાર્યવાહીઓમાં વ્યસ્ત જણાયા હતા.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્યો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ સંસ્થા દ્વારા તેના સભ્યો તેમજ સભ્યોના પરિવાર દ્વારા યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સૌ ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે તા. ૧૦-૧૦-૧૭ને મંગળવારના રોજ સાંજે ૪ કલાકે નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન, આરતી લેબોરેટરી મકાનમાં સે-૨૧ ખાતે પસંદગીની આખરી બેઠક રાખવામાં આવેલ છે તો ભાગ લેનાર સૌ કોઈએ હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## શહેરની મનાલી ભટ્ટનું અમદાવાદ ખાતે પેઈન્ટીંગ પ્રદર્શન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની યુવતિ મનાલી ભટ્ટનું આજથી અમદાવાદ લો ગાર્ડન પાસે રવિશંકર આર્ટ ગેલેરી કેન્દ્ર ખાતે આજથી ત્રણ દિવસ માટે પેઈન્ટીંગ પ્રદર્શન યોજાયું છે. જેમાં મનાલીએ ગણેશા અને નેચર થીમ પર તૈયાર કરેલા ૩૦ જેટલા ચિત્રો પ્રદર્શનમાં મુકાયા છે. આ પ્રદર્શન નિહાળવા માટે આજે અમદાવાદીઓએ ભારે ભીડ જમાવી હતી. આ પ્રદર્શન તો મનાલી માટે પ્રિવ્યું શો રહેશે. પ્રદર્શન સમાપ્ત થયા બાદ તેનું આગામી તા. ૨૨ થી ૨૫ ઓકટોબરના લંડનમાં પણ પેઈન્ટીંગ પ્રદર્શન યોજાશે.

અમદાવાદ રવિશંકર આર્ટ ગેલેરી ખાતે જે ચિત્ર પ્રદર્શની યોજાઈ છે. તેમાં માત્ર મનાલી ભટ્ટના જ ચિત્રો પ્રદર્શનમાં મુકાયા છે. મનાલી ભટ્ટે ખાસ કરીને ચિત્રો ગણેશા અને નેચર થીમ પર તૈયાર કર્યા છે. આજથી શરુ થયેલ પ્રદર્શન આગામી બે દિવસ સુધી રહેશે. ત્યારબાદ આ પ્રદર્શન આગામી તા. ૨૨ ઓકટોબરથી લંડન સ્થિત એમ.પી.બિરલા મીલેનિયમ આર્ટ ગેલેરી ખાતે યોજાશે. આ પહેલા અમદાવાદ ખાતે મનાલીના ચિત્રોનો પ્રિવ્યુ શો યોજાયો છે. લંડન ખાતે આયોજીત પ્રદર્શનમાં પણ માત્ર મનાલીના જ ચિત્રો પ્રદર્શનમાં મુકવામાં આવશે. આ પ્રદર્શનને ગુજરાત સરકાર સ્પોન્સર કરી રહી છે. ઉલ્લેખનીય છે કે મનાલીના ચિત્રોનું પ્રદર્શન ગાંધીનગર સહિત ગુજરાતના કેટલાક શહેરો અને મુંબઈમાં પણ સરકારની સહાયથી યોજાઈ ગયા છે. જયારે મનાલીના પિતા ભવદિપ દવે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ગાંધીનગરની શાખામાં અધિકારી તરીકે ફરજ બજાવે છે. તેઓએ મનાલીને આ ક્ષેત્રમાં કારકીર્દી ઘડવામાં ખુબ જ પ્રોત્સાહન પુરું પાડ્યું છે.

# દિવાળીની મોજમાં મિલાવટની મસ્તીથી સાવધ રહેવું જરૂરી

## મિઠાઈઓથી માંડીને વાનગીઓમાં, ફળફળાદિ કે શાકભાજીમાંથી માંડીને મસાલામાં બધે ભેળસેળનું જોખમ માત્ર તહેવારોમાં જ નહી પરંતુ બારેમાસ મંડરાતુ રહે છે



**લાગ્યું એવું લખ્યું**
**સમીર રામી**





ગાંધીનગર, તા.૮

લો ફરી આવી પહોંચી દિવાળી અને દિવાળી આવે એટલે અઢળક ખુશીઓ લઈને આવે. કોઈને ફટાકડાનો ઉમંગ તો કોઈને બહાર ફરવા જવાનો ઉમંગ, બાળકોને વેકેશનનો આનંદ તો કર્મચારીઓને બોનસ મળવાનો આનંદ. દિવાળીમાં નવા કપડાં, નવું રંગરોગાન, નવો જગમગાટ સાથે ઉમળકો અને નવો ઉત્સાહ સાથે જાણે બધું જ નવું નવું. વળી, દિવાળીમાં સૌથી વધુ આકર્ષણ હોય તો તે નવી નવી વાનગીઓ-મીઠાઈઓ વગેરે પેટ ભરીને ઝાપટવાના અવસરનું હોય છે. પણ સબૂર... આજના યુગમાં સ્નેહીજનના સ્નેહભર્યા આગ્રહમાં કયાંક તમે ‘ભેળસેળ’ તો નથી આરોગતા ને? મિલાવટની મફતખોરી તમને તહેવારમાં અનેક રોગોની છુપી ભેટ આપી જઈ શકે છે.

માત્ર દિવાળી જ નહી પરંતુ ભારતીય સંસ્કૃતિના મોટા ભાગના તહેવારોમાં ખાણીપીણીનું મહત્વનું સ્થાન રહેલું છે અને દરેક તહેવાર સાથે કોઈ ખાસ વાનગી જોડાયેલી હોય છે. જયારે દિવાળી એવો તહેવાર છે જેમાં વાનગીઓની વણઝાર લાગે છે. અગાઉના જમાનામાં દિવાળીમાં મહેમાનો માટે જ આ વાનગીઓ ઘરે જ બનાવવાની પ્રથા હતી જે હજુ પણ અનેક પરિવારોમાં જોવા મળે છે. જેમાં મહિલાઓ અમુક દિવસો પૂર્વેથી તેની સઘન તૈયારીઓ હાથ ધરે છે. જો કે આજના ડિજીટલ યુગમાં ‘લાઈફ’ એટલી ‘ફાસ્ટ’ થતી જાય છે કે ‘ઘરે આ બધી કડાકૂટ કોણ કરે?’ તે સવાલ હવે કોમન થઈ ગયો છે. વળી, બ્રાન્ડેડ ચીજવસ્તુઓના મોહભર્યા યુગમાં દિવાળીની મિઠાઈઓમાં પણ બ્રાન્ડેડ પીરસવાનો ક્રેઝ વધતો જાય છે જેના કારણે ‘બજારમાંથી તૈયાર જ લાવીએ છીએ’ આ વિધાન હવે ગૌરવભર્યું સ્થાન લેવા લગી આવી પહોંચ્યું છે. તૈયાર વાનગીઓમાં સમય જરૂર બચે પરંતુ કયારેક જોઈએ તેવો સ્વાદ ના આવે કે પુરતી મજા ના આવે તેવી ફરિયાદો પણ જોવા મળે છે, પરંતુ સૌથી મોટું જોખમ તો આ વાનગીઓમાં જો ભેળસેળ કરાઈ હોય તો તેનું છે. જે સ્પષ્ટ દેખાતું હોતું નથી.

મીઠાઈ હોય કે અન્ય વાનગી તેની બનાવટમાં વપરાતા અમુક તત્વો એક સરખા હોય છે જેમ કે દૂધ, માવો, ઘી-માખણ, તેલ વગેરે જેમાં મિલાવટ કરવી પણ એટલી જ આસાન હોય છે. ઘી-માખણમાં વનસ્પતિ ઘીની મિલાવટ કરાય કે દૂધમાં પાણી અથવા યુરિયા વપરાય છે. માવામાં તો સિંથેટિક દૂધથી માંડીને મેંદો, વનસ્પતિ ઘી, બટાકાનો માવો, અખરોટનો ભૂકો વગેરેનું મિશ્રણ કરાતું હોય છે. આ મિલાવટને ઓળખવા માટે વિવિધ પધ્ધતિઓ અપનાવવામાં આવે તો જરૂર બચી શકાય છે. જેમ કે ઘી-માખણને ઓગાળી તેમાં સરખા ભાગે હાઈડ્રોકલોરિક એસિડ મેળવી તેમાં ચપટીભર ખાંડ ઉમેરવામાં આવે અને એક મિનિટ હલાવી થોડી વાર મુકી રાખતા લાલ રંગ દેખાય તો તે ચેતવણીનો રંગ છે. દૂધને તમે સપાટ જગ્યાએ રાખો અને ઢળતી કરો તો ઝડપથી સરકી જાય તો પાણીની મિલાવટ હોવાનું તરત જણાઈ આવે. દૂધમાં યુરિયાની મિલાવટ શોધવા બ્રોમોથાઈમોલ નામના કેમિકલના બે ટીંપા નાંખવાથી તેનો રંગ વાદળી થઈ જતો જોવા મળે છે. માવાને જો ફિલ્ટર આયોડિનના બે ત્રણ ટીંપા મળે તો મિલાવટી હોય તો તુરંત કાળો પડી જાય છે. વળી સ્વાદમાં કડવો, સ્પર્શમાં ખરબચડો કે દાણાવાળો માવો વનસ્પતિ ઘીની મિલાવટ હોવાની શકયતા દર્શાવે છે. આપણને એમ થાય કે ચાલો આ બધાની શુધ્ધતા ચકાસીને વાનગી બનાવીએ પણ જો વાનગીઓ બનાવવામાં વપરાતા જરૂરી મસાલા જેવા કે મીઠું, મરચું, હળદર વગેરે પણ મિલાવટી હોઈ શકે છે તેનું શું? મીઠામાં સફેદ ચોકની મિલાવટ શોધવા તેને પાણીના હવાલે કરવું પડે, જો પાણીનો રંગ સફેદ થાય તો તે મીઠું તમારું મ્હો મીઠું કરાવેલું બધું પાણીમાં કાઢી શકે છે. લાલ મરચામાં ઈંટનો ભૂકો કે લાકડાનો વ્હેર અથવા જોખમી રંગોની ભેળસેળ સામાન્ય થઈ ચુકી છે, લાલ મરચાંને પણ પાણીમાં નાંખશો તો અસલી હશે તે તરશે બાકી બધું ડૂબીને તળિયે જશે. હળદરની શુધ્ધતા ચકાસવા ફરી હાઈડ્રોકલોરિકનો ઉપયોગ કરવો પડશે કેમ કે તેમાં જોખમી રંગો ઉપરાંત લીડ કોમેટની પણ મિલાવટ હોઈ શકે છે. પાણીમાં હળદર પાવડર નાંખી તેમાં હાઈડ્રો કલોરિક એસિડના ટીંપા નાંખતા પરપોટા થવા માંડે તો તે હળદર વાપરવાનું ટાળવું હિતાવહ છે.

તમનો થાય કે જવા દો મિઠાઈ અને ડાયલોગ ફટકારો કે ‘હું તો સુગર ખાતો નથી, ફ્રુટસ જ લઉં છું’ તો એવું ના સમજતા કે તમે બચી ગયા. ફળો પણ વિવિધ કિમિયાના શિકાર બનેલા જ છે જેમ કે કેળાંને કેલ્શિયમ કાર્બાઈડથી પકાવાયા હોય કે સફરજન પર મીણનું કોટિંગ કરેલું હોય અથવા સંતરાના જયુસમાં સુક્રોજ કે ઓરેન્જ એસેન્સની ભેળસેળ હોઈ શકે છે. કેળાંની છાલ અને તેની લૂમની દાંડી જો ચમકદાર પીળા રંગને બદલે લીલા રંગની હોય તો કેળાં કેલ્શિયમ કાર્બાઈડથી પકવેલા હોઈ શકે છે કે ચમકદાર સપાટી ધરાવતું સફરજન સુધારતી વખતે પાતળું પડ દેખાડે તો તે મીણ કોટીંગનું હોઈ શકે છે. સંતરાનો જયુસ પાતળો ને વધુ પડતો મીઠો તથા ઘેરા નારંગી રંગમાં મળે તો સુક્રોજની હાજરી હોવાની શકયતા છે. મહેમાનને ખાલી ચા પીવડાવવામાં પણ ચાની ભૂકીમાં તાલકોરડાઈ મિલાવેલી નથી તે ચેક કરવા બ્લોટિંગ પેપર પર ભૂકી નાંખી રાખવી, થોડી વાર પછી જો પેપર પર ડાઘા પડે તો એ ચામાં ભેળસેળ હોઈ શકે છે. હવે તો જમાનો છેલ્લે આઈસ્ક્રીમના આગ્રહનો છે પછી ભલેને તેમાં કપડાં ધોવાનો ડીટર્જન્ટ પાવડર મિલાવેલો હોય. જો જાણવું હોય તો આઈસ્ક્રીમમાં લીંબુનો રસ નાંખજો ડિટર્જન્ટ હશે તો તુરંત જ ફીણ વળવા માંડશે.

આવી મિલાવટની મસ્તી તમને આંખ, શ્વાસ, પેટ, લીવર, હૃદય, પાચનતંત્ર સહિતની તકલીફો સાથે પથરી, ડાયાબીટીશ, અલ્સર કે કેન્સર સુધીની અણગમતી ભેટ સોગાદો પધરાવી શકે છે. હજુ તો તૈયાર લોટ, ઈન્સ્ટન્ટ મિકસ, ગોળ, તળેલી ચીજવસ્તુઓના તૈયાર પેકેટસ વગેરે આ પ્રકારના ‘ગીફટ પેકેટસ’ બનીને આવ્યા હોય તેની ખાતરી નથી હોતી. સરકારી તંત્ર તો તેની રીતે દર તહેવારે ‘કાર્યરત’ બને જ છે પરંતુ આપણે પણ જાતે દિવાળીમાં જ નહીં રોજબરોજની જીંદગીમાં થોડીક સાવધાની રાખવાથી તંદુરસ્ત જીવન માણી શકીશું અને તહેવારોનો સાચો આનંદ ઉઠાવી શકીશું.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## લીંબડીયા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં તાજેતરમાં ચિલોડા, દશેલા, ડભોડા ખાતે સેવાસેતુ કાર્યક્રમ સંપન્ન થયા બાદ તાલુકાના લીંબડીયા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર સતીષભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી હાજર રહ્યા હતા. આ સેવાસેતુ કાર્યક્રમમાં નાના ચિલોડા, રણાસણ, કરાઈ, લવારપુર, રતનપુર, શાહપુર, પ્રાંતિયા, લીંબડીયા ગામોના નાગરિકોએ લાભ લીધો હતો. લીંબડીયા ગામના સરપંચ તથા અન્ય ગામોના પદાધિકારી, તલાટી કમ મંત્રીઓ હાજર રહી સહયોગી બન્યા હતા.

## દુઃખદ અવસાન

શ્રી અશ્વિનકુમાર વ્યાસ, સેકશન અધિકારી, નર્મદા અને જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પિતાશ્રી સ્વ. મહેશચંદ્ર અમૃતલાલ વ્યાસનું બેસણું તા. ૯-૧૦-૨૦૧૭ને સોમવારના રોજ રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ઈન્દુબેન ચીમનલાલ વ્યાસ, ઉ.વ. ૬૬
- સ્વ. ઠાકોર હિંમતજી પુંજાજી, ઉ.વ. ૪૧
- સ્વ. ચરૂબેન અરવિંદભાઈ સુથાર, ઉ.વ. ૬૩
- સ્વ. પાર્વતીબેન કાન્તીલાલ પટેલ, ઉ.વ. ૭૫